# <u>મહે.કપડવંજના એડીશનલ ચીફ જયુડી મેજી.સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ</u>

<u>ફોજદારી કેસ નં. ૧૧૧૩/૨૦૨૩</u>

શ્રી સરકાર :ફરીયાદી

વિરુઘ્ઘ

પુનમભાઈ બબાભાઈ પરમાર, :આરોપી
રહે.જોરાપુરા, તા.કપડવંજ.

<u>ગુન્હો–પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ)મુજબ</u>

–: ઠ રા વ :–

**૧.** આ કામના આરોપીએ અત્રેની અદાલતની હકુમતમાં તા.૩૦/૫/૨૦૨૩ ના રોજ કલાક ૧૬/૪૫ વાગે ચાર્જશીટમાં જણાવેલ સમયે અને સ્થળે એક પ્લાસ્ટિકના ગેલનમાં આશરે ૨ લીટર જેટલો દેશીદારૂ કિમત રૂ.૪૦/–નો વગર પાસ પરમીટનો પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જતા તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપી વિરુઘ્ઘ હાલનુ પ્રોહીબીશન એકટ કલમ ૬૫–એએનું ચાર્જશીટ કરેલ છે.

**૨.** આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપી સામે તહોમતનામુ ફરમાવી તેઓનુ ગુનાનુ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમજ આરોપીએ અદાલત સમક્ષ અલગથી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે તે બાદ ગુના અંગે તેઓનુ નિવેદન લેતા અને પુછતા આરોપી ગુનો કબુલ છે તેમ જણાવે છે. આરોપી ગુનો કબુલ કરતા હોય તેઓને સજા અંગેની સમજ કરેલ છે તેમ છતાં આરોપી ગુનો કબુલ કરવા માંગે છે તેમ જણાવે છે, તેવા સંજોગોમાં આરોપી વિરુઘ્ઘ ગુનો પુરવાર થતો હોય આરોપીની રજુ કબુલાત પુરસીસની હકીકતો ઘ્યાને લેતા તેઓ ગરીબ તથા કુટુંબકબીલાવાળા ઈસમ હોય તેઓની જવાબદારી ઘ્યાને લઈ ગુના બદલ કોર્ટ સમક્ષ પસ્તાવો કરી દયા રહેમ કરવા તેઓએ વિનંતી કરેલ છે.

**૩.** હાલના કામે તપાસ કરનાર અધિકારીએ આરોપી સામે પ્રોહી.એકટ કલમ ૬૫–એએ ના ગુનાનુ ચાર્જશીટ કેરલ છે. આરોપીની ગુના કબુલાત ધ્યાને લેતા આરોપીને સદર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદરહુ ગુના અંગે કેસની હકીકતો તેમજ સંજોગો અને સજાની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામદાર ગુજરાત હાઈકોર્ટના જી.એલ.આર.૨૦૦૫, પેજ નં.૧૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી હરચંદજી ઠકકરના** ચુકદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને હળવી સજા કરવી યોગ્ય અને ન્યાયી જણાય છે. આમ, આરોપીએ ગુનો કબુલ કરેલ હોય તે પરત્વે સમગ્ર હકીકતો લક્ષમાં લઈ ન્યાયના હિતમાં આથી નીચે મુજબનો હુકમ કરુ છુ.

**– હુકમ –**

આરોપી પુનમભાઈ બબાભાઈ પરમાર રહે.જોરાપુરા તા.કપડવંજ ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ મુજબ પ્રોહીબીશન એકટ કલમ–૬૫એએ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા) રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. વધુમા આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૦૨ ની સાદી કેદ ની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજ તારીખ ૯ મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ના રોજ લોક અદાલતમાં યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કપડવંજ
તા.૦૯/૦૯/૨૦૨૩

(વી.એલ.પરદેશી)
એડી.ચીફ જયુડી.મેજી., કપડવંજ
જી.જે.૦૧૦૧૩